# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SPACE MANUFACTURING PARK

દેશના અવકાશ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે, IN-SPACE કેન્દ્ર સરકારના સહયોગથી ગાંધીનગરની ખોરજ GIDC ખાતે અત્યાધુનિક અવકાશ ઉત્પાદન પાર્ક વિકસાવશે. ગુજરાતની સ્પેસ ટેક પોલિસી 2025-30 ના ભાગરૂપે જાહેર કરાયેલ, આ પાર્કમાં પ્રવેશ અવરોધો ઘટાડીને સ્ટાર્ટઅપ્સ અને MSME ને ટેકો આપવા માટે રચાયેલ અદ્યતન સામાન્ય તકનીકી સુવિધાઓ હશે. આ જાહેરાત રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા દ્વારા કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલની હાજરીમાં યોજાયેલા IN-SPACE ઇન્ડસ્ટ્રી કનેક્ટના 10મા સંસ્કરણના ઉદ્ઘાટન પ્રસંગે કરવામાં આવી હતી.

ખોરાજ ખાતે આ સુવિધા ઉચ્ચ-ગુણવત્તાવાળા પરીક્ષણ અને માળખાકીય સુવિધાઓ પ્રદાન કરશે. તેમાં આબોહવા પરીક્ષણ ચેમ્બર, માસ પ્રોપર્ટીઝ માપન પ્રણાલીઓ, ચુંબકીય ક્ષેત્ર-પરીક્ષણ અને પૃથ્વી નિરીક્ષણ ઓપ્ટિક્સ માટે કેલિબ્રેશન સુવિધાઓ પણ હશે. IN-SPACE તકનીકી સહાય અને સાધનો માટે 100 કરોડ રૂપિયા સુધીનું નાણાકીય ભંડોળ પૂરું પાડશે, જ્યારે રાજ્ય સરકાર બાંધકામ અને સંચાલન માટે ભંડોળ આપશે.

# PM 12 YEARS

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારને 12 વર્ષ પૂર્ણ થતા ભરૂચમાં ઉજવણી કરવામાં આવી હતી. ધારાસભ્ય રમેશ મિસ્ત્રી સહિતના આગેવાનોએ સ્ટેચ્યુ પાર્કમાં સ્થાપિત મહાપુરુષોની પ્રતિમાની સાફ-સફાઈ કરી હતી જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને નાગરિકોએ હાજરી આપી હતી આ પ્રસંગે ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ પ્રતિક્રિયા આપી.

(BYTE: RAMESH MISTRY, MLA)

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ પ્રવાસન રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતની ઉપસ્થિતિમાં નવસારી જિલ્લાના ઉનાઈ માતા મંદિરે જ્યારે સુરેન્દ્રનગરના બી.એ.પી.એસ. મંદિર ખાતે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાંગ જિલ્લાના આહવા ખાતે નાયબ મુખ્ય દંડક વિજય પટેલની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું.

# DGP ORDER

પોલીસ કમિશનરથી લઈને PI સુધીના અધિકારીઓને દરરોજ બે કલાક ફરજિયાત નાગરિકોને જ સાંભળવા રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે આદેશ કર્યો છે. સ્થાનિક કક્ષાએ અરજદારોને સાંભળીને મહત્તમ 15 દિવસમાં ફરિયાદનો નિકાલ લાવવા પણ સૂચના અપાઈ છે. આ નવીન વ્યવસ્થા અંતર્ગત, ઉચ્ચ પોલીસ અધિકારીઓ એ દરરોજ 12 થી 2 વાગ્યા સુધી ફરજિયાત પોતાની કચેરીમાં હાજર રહી મુલાકાતીઓને સાંભળવાના રહેશે અને તેમની લેખિત અરજી પર જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

સ્થાનિક સ્તરે પ્રજા સાથે સીધા જોડાયેલા પોલીસ ઇન્સ્પેક્ટરો એ દરરોજ સાંજે 4 થી 6 વાગ્યા સુધી પોતાના પોલીસ સ્ટેશનમાં અચૂક હાજર રહીને મુલાકાતીઓને રૂબરૂ મળવાનું રહેશે. તેઓએ સ્થાનિક નાગરિકોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી, લેખિત અરજી સ્વીકારીને તેના પર તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે, જેથી કોઈપણ સામાન્ય નાગરિકને પોતાના પ્રશ્નના ઉકેલ માટે ઉપરની કચેરીઓ સુધી જવાની જરૂર જ ન પડે.

# HELMET DRIVE

રાજ્યમાં એક મહિનાની રાજ્યવ્યાપી હેલ્મેટ ઝુંબેશ અંતર્ગત હેલ્મેટ નિયમભંગ કરનાર 5 હજાર 123 સરકારી અધિકારી-કર્મચારીઓ પાસેથી 16 લાખ 58 હજાર રૂપિયાનો દંડ વસૂલાયો છે. રાજ્યભરમાં નિયમ ભંગ કરનાર કુલ એક લાખ 88 હજારથી વધુ વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરીને 5 કરોડ 21 લાખ રૂપિયાનો દંડ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે માર્ગ અકસ્માતોમાં અમૂલ્ય જીવન બચાવવા અને નાગરિકોમાં ટ્રાફિક સભ્યતા કેળવવા માટે સમગ્ર રાજ્યના 1 થી 31 મે દરમિયાન એક મહિનાની વિશેષ “હેલ્મેટ ડ્રાઇવ” યોજવામાં આવી હતી.

# MAHISAGAR BRIDGE

મહીસાગર જિલ્લાના કડાણાના રાઠડા બેટ વિસ્તારમાં નવો બ્રિજ બનશે. જેનાથી વર્ષોથી બેટ વિસ્તારમાં અને ચારે તરફ પાણીમાં રહેતા લોકોની તકલીફોનો અંત આવશે. સંતરામપુરના ધારાસભ્ય અને પૂર્વ શિક્ષણ મંત્રી ડૉ કુબેર ડિંડોરના પ્રયાસોથી 32 કરોડના ખર્ચે બ્રિજનું નિર્માણ થશે. જેનાથી 1100 પરિવારને લાભ મળશે તેમ શ્રી ડીંડોરે જણાવ્યું.

(BYTE: KUBER DINDOR - FORMER EDUCATION MINISTER)

# SURENDRANAGAR CHEMICAL

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા હાઈવે પર નાની મોલડી નજીક કેમિકલ ચોરીનો પર્દાફાશ કર્યો છે. જેમાં ટેન્કર સહિત બે વાહનો, 8 હજાર 330 કિલો કેમિકલ, બે મોબાઈલ,સહિત કુલ 45 લાખ 98 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ મામલે બે આરોપની ધરપકડ કરવામાં આવી છે,જ્યારે અન્ય ત્રણ શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# BHAVNAGAR CYBER

ભાવનગર શહેરમાં સાયબર છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વિજયરાજ નગર વિસ્તારમાં રહેતા એક વેપારીના વોટ્સએપ પર લિંક મોકલી આરોપીઓએ ચાર અલગ-અલગ બેંક ખાતાઓમાંથી કુલ 7 લાખ 87 હજારથી વધુ રૂપિયા ઉપાડી લીધા છે જે અંગેની ફરિયાદ ભાવનગર સાયબર ક્રાઈમ વિભાગમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.